
# વજા વાછરડાના મામા

— કરસનદાસ લુહાર

રઘા પટેલની ગાય. એનું નામ ગોમી. ગોમી ગાય બહુ દેખાવડી અને સોજી. એનો વાન રાતો. પણ ચારેય પગ ખરી પાસેથી ધોળા. કપાળ પણ ધોળું, પીઠ ઉપર બે–ચાર સફેદ છાંટણાં ને પૂંછડાના વાળ પણ ધોળા. ગોમી બધી ગાયોમાં જુદી તરી આવે. રઘા પટેલનાં ઘરનાં સૌ ગોમીને સાચવે. વહાલ કરે. ગોમી ક્યારેય શિંગડાં ઉછાળે નહિ. મારવાનું તો એને આવડે જ નહિ.

ગોમી વિયાણી. એણે વાછરડાને જન્મ આપ્યો. વાછરડો ગોમી જેવો જ દેખાવડો. શેરીના માણસો વાછરડો જોવા આવ્યાં. છોકરાંઓ વાછરડાં ફરતે ટોળે વળ્યાં. ગામનું ધણ ચારતો ભોપો ભરવાડ રાજી થઈને કહે : 'બાકી વાછરડો એની મા જેવો જ છે !' રઘા પટેલે વાછરડાનું નામ પાડયું વજો !' વજો મોટો થવા લાગ્યો. એની મા સાથે સીમમાં ચરવા જાય. મા ચરતી હોય એની આજુબાજુમાં ચરતો રહે. માથી જરાય આઘો ન જાય. ક્યારેક પાછળ રહી ગયો હોય તો ગોમી ભાંભરે. વજો પણ ભાંભરીને સામે જવાબ આપે. અને મા પાસે આવી જાય. માના શરીર સાથે માથું ઘસે. ગોમી પણ વજાને વહાલ કરે.

ભોપો ભરવાડ આખા ગામનું ધણ ચારે. ધણને દૂરદૂર લઈ જાય. જ્યાં ચરવાનું હોય, પાણી હોય, એવી જગાએ દિવસભર ઢોર ચારે. સાંજ પડતાં ધણ ગામમાં પાછું ફરે. બધાં ઢોર પોતપોતાનું



ઘર ગોતી લે....

એક વાર એક ધણ ચરતું ચરતું દૂરના જંગલમાં પહોંચી ગયું. જંગલમાં ખૂબ મોટું ઘાસ હતું. ઢોરાંને તો ચરવાની મજા પડી ગઈ ! બધાં ઢોર ધરાઈને ઢમઢોલ થઈ ગયાં. સાંજે ધણ ગામમાં પાછું ફર્યું. પણ વજો જંગલમાં રહી ગયો. માથી છૂટો પડી ગયો હતો. ભોપાને પણ ખબર ના રહી. વજો એકલોએકલો ઘેઘૂર જંગલમાં ભટકે. ભાંભરડા મારતો માને સાદ કરે. ગામ તરફ જવાનો રસ્તો ગોતે. પણ રસ્તો જડે નહિ. વજો ઘેઘૂર ઝાડીમાં અટવાઈ ગયો. ઘર યાદ આવે. મા યાદ આવે. એની આંખમાં આંસુ આવી ગયાં. હવે શું કરવું !

રાત પડી. જંગલમાં અંધારું પથરાઈ ગયું. બાપ રે ! કેવું ઘોર અંધારું ! બહુ બીક લાગે. વજો રડમસ ચહેરો લઈને ઊભો હતો. ડરથી થરથરતો હતો. ત્યાં દૂરથી અંધારામાં ચળકતી બે આંખો દેખાઈ. વજાને થયું; મને ગોતવા મા તો નહિ આવી હોય ને ?? પણ માની આંખો અંધારામાં આવું ચળકતી નથી. ત્યાં દૂરથી ગર્જના સંભળાઈ. વજો ધ્રૂજી ગયો. આવી ગર્જના તો ક્યારેય સાંભળી નથી. ચળકતી આંખો નજીક આવી રહી હતી. અને ગર્જનાનો અવાજ પણ સાવ પાસેથી સંભળાઈ રહ્યો હતો. વજાને કશું સમજાતું ન હતું. આ કોણ આવતું હતું ? સૂકાં પાંદડાં ખખડતાં હતાં. ઘાસમાંથી સરસરાટી સંભળાતી હતી. થોડી વાર થઈ અને એક સિંહ વજા સામે આવીને ઊભો રહ્યો. વજાને બહુ બીક લાગી. ડરનો માર્યો એ નીચું જોઈ ગયો.

વજાની વધારે નજીક આવીને સિંહ કહે : ‘તું મારાથી જરા પણ ડરતો નહિ. તું ગોમીનો દીકરો છે ને ? ભૂલો પડી ગયો છે. પણ મૂંઝાતો નહિ. બીતો નહિ. ગોમી ગાયને મેં બહેન માનેલી છે. તું તો મારો ભાણેજ છે. ચાલ, મારે ઘેર. સવારે તારી મા ચરવા આવશે એટલે તને મળી જશે. ચાલ મારે ત્યાં.....’

વજો કહે : ‘મને અહીં ગમતું નથી. મારી મા બહુ જ યાદ આવે છે. મારે ઘેર જવું છે.’

સિંહ કહે : ‘આ જંગલ તો બહુ મોટું અને ભારે અટપટું છે. તને રસ્તો નહિ જડે. ચાલ, હું તને મૂકવા આવું.’

આગળ સિંહ અને પાછળ વજો. જંગલના અંધકારમાં ચાલ્યા જાય છે. ઘણું ચાલ્યા પછી જંગલ પૂરું થયું. સીમ આવી. સીમ પૂરી થતાં ગામનું પાદર આવ્યું. સિંહ વજાને ગામના પાદર સુધી પહોંચાડીને જંગલમાં પાછો વળી ગયો. વજો ઘેર પહોંચ્યો. ગોમી અને ઘરનાં સૌ રાજીનાં રેડ થઈ ગયાં. બધાંને બહુ ચિંતા થતી હતી.

ગોમીએ વજાને જીભથી ઘણી વાર સુધી પંપાળ્યો. વજો પણ માના શરીર સાથે માથું ઘસતો રહ્યો. ગોમીએ પૂછ્યું : 'જંગલમાંથી તને ગામનો રસ્તો કઈ રીતે જડયો ?' વજો કહે : 'મા, મને સિંહ મામા ગામના પાદર સુધી મૂકવા આવ્યા હતા !'

ગોમી કહેઃ 'હા, એ તો મારા ભાઈ થાય ! તું એમને ઘેર કેમ ન લાવ્યો ?'

વજો બોલ્યો : 'બધાં એમનાથી ડરે એટલે એ પાદરથી પાછા વળી ગયા.'

ગોમી કહે : 'અરેરે ! મારા ભાઈ પાદર સુધી આવ્યાને ચાલ્યા ગયા ? બહેનને ઘેર ન આવ્યા ?'

વજો કહે : 'મા, સિંહમામા તો બહુ સારા હતા !'

ગોમી બોલી : 'મામા તો સારા જ હોય ને !'

■